# ખેડબ્રહ્મામાં વરસાદી પાણીની ભૂગર્ભ ગટરનો ખર્ચ પાણીમાં

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટર બનાવવામાં આવી છે. આ ગટરમાં વરસાદી પાણી જતુ ન હોઈ રસ્તા ઉપર એક એક ફૂટ કરતા વધુ પાણી વહે છે જેથી લોકોને હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે.

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા થોડા સમય પહેલા વરસાદી પાણીના નિકાલ માટે સ્ટેટ હાઈવે તથા સિવિલ ચોકથી હરણાવ નદી સુધી ર. ૭૦ લાખના ખર્ચે ભૂગર્ભ ગટર બનાવવામાં આવી હતી. પણ આ ગટરમાં વરસાદી પાણી જતુ જ નથી જેથી સ્ટેટ હાઈવે ઉપર એક એક ફૂટ કરતા વધુ પાણી વહે છે. આ સ્ટેટ હાઈવે હોવાથી વાહનોની અવરજવર વધુ રહે છે. આથી આસપાસની દુકાનના વેપારી અને રહિશો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ધનસુરામાં પાટીદારોની જંગી રેલી

મોડાસા, તા.૧૭

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના પાટીદારોએ આજે ધનસુરા નગરમાં હુંકાર રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ રેલીમાં હજારોની સંખ્યામાં પાટીદાર ભાઈઓ-બહેનો અને બાળકો ઉમટી પડયા હતા. ધનસુરા સહકારી જીનથી નીકળેલી આ રેલીમાં મહીલાઓ, બાળકો, પુરૂષો અને યુવાનો ઉપસ્થીત રહયા હતા. પાટીદાર સમાજના યુવાનો વિદ્યાર્થીઓ અભ્યાસ અને નોકરી-ધંધા ક્ષેત્રે અનામત ન મળતા થઈ રહેલા અન્યાય સામે આ આંદોલન વેગ પકડયું રહયું છે.

જય સરદાર અને જય જય પાટીદારના નારા સાથે મામલતદાર કચેરી ખાતે જઈ પાટીદાર અગ્રણીઓએ આવેદન પત્ર આપ્યુ હતુ. પાટીદાર અનામત આંદોલનની રેલીમાં જોડાયેલી મહિલાઓ પણ ભારે આક્રોશમાં જણાતી હતી. આમ મહિલાઓએ પાટીદાર કોમના બાળકો અભ્યાસ ક્ષેત્રે ગમે તેટલું કાઠુ કાઢે અને ઉચી ટકાવારી લાવે તો પણ તેઓને એડમીશન માટે લાખો રુપીયાનુ ડોનેશન ખર્ચવુ પડે છે તેવી રજુઆત કરી ઉમેર્યુ હતુ કે સરકાર દ્વારા પાટીદારો સાથે ન્યાય નહી કરવામાં નહી આવે તો આંદોલનમાં વિવિધ કાર્યક્રમો કરી સરકારની આંખો ઉઘાડવામાં આવશે.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

## બાવળકાઠિયા પાસે બે જીપ વચ્ચેના અકસ્માતમાં એકનું મોત

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના બાવળકાઠિયા પાસે શનિવારે બે જીપ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. આ અંગે ખેરોજ પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

ખેડબ્રહ્માથી અંબાજી જતા માર્ગ પર આવેલ બાવળકાઠિયા ગામ નજીક શનિવારે નિશાન માઈકો જીપ નં. જીજે.૫.જેઈ.૭૩૫૫ સાથે સામેથી આવતી પીકઅપ જીપ ડાલા નં. જીજે.૭.યુયુ.૨૭૮૪ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં સુરતના અશ્વિની રોડ પર આવેલ સાગર, સોસાયટીમાં રહેતા ૫૦ વર્ષિય પ્રવિણભાઈ નરોત્તમદાસ પટેલને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમને ૧૦૮ દ્વારા સારવાર અર્થે ખેડબ્રહ્મા સબ-સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયેલ જ્યાં લઈ જતાં રસ્તામાં પ્રવિણભાઈનું મોત નીપજ્યું હતું. આ અંગે શનિવારે ખેરોજ પોલીસમથકે દિનેશભાઈ મનુભાઈ કાછડીયાએ પીકઅપ જીપડાલા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## હિંમતનગરમાં મકાનમાંથી ૧.૨૦ લાખની ચોરી

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની એક સોસાયટીમાં તસ્કરોએ ત્રાટકીને મકાનમાં રસોડાની બારી તોડી અંદર પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ મળી રૂ. ૧.૨૦ લાખની ચોરી કરી લઈ જતા હિંમતનગર એ ડીવીઝન પોલીસ મથકે શનિવારે ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગરના પીપલોદી પાસે આવેલ ૩૧ સેતુ રીયાલીટી સોસાયટીમાં શુક્રવારે રાત્રે તસ્કરોએ મકાનમાં પાછળના ભાગે આવેલ રસોડાની કાચની બારી તોડી અંદર પ્રવેશ કરી દરવાજો ખોલી અંદર તિજોરી તોડી તેમાંથી સોનાની ચાર બંગડીઓ આશરે પાંચેક તોલાની કિંમત રૂ. ૧ લાખ તથા રોકડ ૨૦ હજાર અને મોબાઈલ ફોન એક રૂ. ૫૦૦નો મળી કુલ રૂ. ૧.૨૦લાખની મત્તાની ચોરી કરી લઈ ગયેલ જે અંગે માલિક પ્રવિણભાઈ પરશોત્તમદાસ શાહે હિંમતનગર એ ડીવીઝન પોલીસ મથકે શનિવારે ફરિયાદ નોંધાવી હતી.

# અરવલ્લીના શિવાલયો શ્રાવણના પ્રથમ સોમવારે શિવનાદથી ગુંજી ઉઠ્યા

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લામાં શનિવારથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતાં જ જિલ્લાભરના શિવાલયો ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યા હતા. શ્રાવણ મહિનામાં સોમવારનું અનેરૂ મહત્વ હોવાથી જિલ્લાના શિવાલયોમાં પરોઢીયે ૪ વાગ્યાથી જ શિવભક્તો ભગવાન શિવના દર્શન કરી શિવભક્તીમાં લીન થઈ ગયા હતા.

હિન્દુ સંસ્કૃતિમાં પવિત્રમાસ એટલે શ્રાવણ માસનું અનેરૂ માહાત્મ્ય છે. શિવજીની ઉપાસના માટે શ્રાવણ મહિનાનું વિશેષ મહત્વ અને શ્રાવણ માસમાં આવતો સોમવાર શિવજીને અતિપ્રીય હોવાથી શિવાલયોમાં શિવભક્તો ભગવાન શીવની આરાધના કરવા અચૂક પહોંચી જાય છે. મોડાસાના ઓધારી મંદિરના વૈજનાથ મહાદેવ, ગેબીનાથ મહાદેવ, કાશી વિશ્વનાથ મહાદેવ, રામનાથ મહાદેવ, પશુપતિનાથ મહાદેવ, તીર્થેશ્વર મહાદેવ, મોટા ઈસરોલના મોટેશ્વર મહાદેવ, બાયડના વાડીનાથ મહાદેવ, ભિલોડાના ભવનાથ, મલેદરના લંકેશ્વર મહાદેવ, શામપુરના કુંભેશ્વર મહાદેવ, રાજેન્દ્રનગરના સોમનાથ મહાદેવ તથા જિલ્લાના અન્ય સ્થળે આવેલા શિવાલયો ખાતે સોમવારે વહેલી સવારથી ૪ વાગ્યાના પરોઢીયે શિવમંદિરમાં પહોંચી જઈ શિવભક્તીમાં લીન થઈ ગયા હતા. જિલ્લાભરના શિવાલયો ‘હર હર મહાદેવ’, ‘બમ બમ ભોલે’ અને ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠતાં વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. પવિત્ર શ્રાવણ માસમાં શિવભક્તોએ શિવલીંગ પર બિલીપત્રો, દૂધ, જળ ચઢાવી વિશેષ અભિષેક સહિત પૂજા અર્ચના શ્રદ્ધાભેર કરી ભગવાન શિવને રીઝવવા અને દર્શન કરી ધન્યતા અનુભવતા શિવભક્તો ઠેર ઠેર નજરે ચડતા હતા.

મોડાસાના સાયરારોડ પર આવેલ અતિપૌરાણીક ગેબીનાથ મહાદેવના દર્શનાર્થે મોડાસાના શિવભક્તો ઉમટી પડ્યા હતા.



(તસવીર : જય અમીન, મોડાસા)

## બડોલીમાંથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના બડોલી ગામે ઘર આગળ પાર્ક કરેલ બાઈકની ચોરી થતા ઈડર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે બડોલીમાં બડોલી હાઈસ્કૂલવાળી ફળીમાં રહેતા દીપકભાઈ ભીખાભાઈ પટેલે તેમનું બાઈક નં. જીજે૯.એ.કે. ૪૮૪૩નું પોતાના ઘર આગળ પાર્ક કરેલ જે કોઈ ઈસમ ચોરી કરી લઈ જતા દીપકભાઈને સવારે શનિવારે ખબર પડતા ઈડર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## સહકારી જીન પાસે હોટલમાં તસ્કરો ત્રાટક્યા

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની સહકારી જીન પાસે આવેલ એક હોટલમાં તસ્કરોએ ત્રાટકીને હોટલની અંદરથી જ રોકડ તથા કેમેરાની રીસીવર ચોરી કરી લઈ જતાં હિંમતનગર એ ડીવીઝન પોલીસમથકે શનિવારે ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે સહકારી જીન પાસે આવેલ ફેસ્કો હોટલમાં શુક્રવારે રાત્રી દરમિયાન તસ્કરોએ ત્રાટકીને હોટલની વેન્ટીલેટરની બારી તોડી અંદર પ્રવેશ કરી અંદરથી ડ્રોવરમાંથી રોકડ ૨૫ હજાર અને કેમેરાનું રીસીવર એક રૂ. ૨૦૦૦ હજારનું મળી કુલ રૂ. ૨૭હજારની મત્તાની ચોરી કરી લઈ ગયેલ જે અંગે હોટલના માલિક હસનઅબ્બાસ ગુલામઅબ્બાસ રાબડીએ હિંમતનગર એ ડીવીઝન પોલીસ મથકે શનિવારે ફરિયાદ નોંધાવી હતી.

## સીંગા ગામે પશુ ચરાવવા બાબતે મારામારી કરતા ૧૩ વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના સીંગા ગામની સીમમાં પશુ ચરાવવા બાબતે શનિવારે મારામારી થતા જાદર પોલીસમથકે દાવેડના ૧૩ ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની વિગત એવી છે કે સીંગા ગામે રહેતા બીજલભાઈ ભરવાડ અને તેમની પત્ની લીમબાઈને શનિવારે દાવડના લાલાભાઈ કાનાભાઈ રબારી સહીત ૧૩ જણા મારક હથિયાર ધારણ કરી બીજલભાઈને કહેલ ગામની સીમમાં અમારા પશુઓને કેમ ચરાવવા દેતા નથી તેમ કહી બીજલભાઈ અને તેમની પતિ પર હૂમલો લાકડીઓ વડે માર મારી બંનેને શરીરે ઈજાઓ કરી નાસી ગયેલ જેથી જાદર પોલીસ મથકે કનુભાઈ બીજલભાઈ ભરવાડે ફરિયાદ નોંધાવતા પોલીસે દાવડના ૧૩ ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ખેડબ્રહ્માની ગાયત્રી સોસાયટીમાં વીજ પ્રવાહ વધી જતા વીજ ઉપકરણોને નુકશાન

### વીજતંત્રની બેદરકારીને કારણે સોસાયટીના રહીશોને હજારો રૂપિયાનું નુકશાન



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્માની ગાયત્રી સોસાયટીમાં રવિવારે સાંજના સમયે વીજ પ્રવાહ વધી જતા વીજકરણો બળી જવા પામ્યા હતા. જેથી હજારો રૂપિયાનું નુકશાન થવા પામ્યું હતું.

ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે રવિવારે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવ્યા હતા. ચાર માળની હોસ્પિટલની લીફ્ટ ચાલુ થતી ન હતી જેથી ગાયત્રી સોસાયટી તરફનો વીજ પ્રવાહ બંધ કર્યો પછી લીફ્ટ ચાલુ થઈ હતી. મુખ્યમંત્રીના ગયા પછી વીજ પુરવઠો પુનઃ ચાલુ કરાતા ગાયત્રી સોસાયટીમાં વીજ વોલ્ટેજ વધી જતા ટીવી, પંખા, ટ્યુબલાઈટ, બલ્બ સહિતના વીજ ઉપકરણો બળી ગયા હતા જેથી રહિશોને હજારોનું નુકશાન થવા પામ્યું હતું.

## ભિલોડાના માલાવાવ પ્રાથમીક શાળામાં તિથિ ભોજનનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૭

ભિલોડાના માલાવાવ પ્રાથમીક શાળામાં વિદ્યાર્થી બાળકોને તિથિ ભોજન આપવાનો કાર્યક્રમ યોજાયો હતો.વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. ૬૯માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે માલાવાવ પ્રાથમીક શાળામાં વિદ્યાર્થીઓ ધ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભિલોડા-માલાવાવ વિસ્તારના અગ્રણીઓના વરદ્ હસ્તે વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે અજીતભાઈ મકરાણી, ઐયુબભાઈ બાવજી, હસમુખભાઈ પટેલ, ગીરીશભાઈ ચૌહાણ, દિનેશભાઈ ચૌહાણ, પ્રવિણભાઈ ચૌહાણ, શૈલેષભાઈ પુરાણી, માલાવાવ પ્રાથમીક શાળા આચાર્ય નાથાભાઈ ભરાડા, સુભાષભાઈ ગોપાત, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ, સામાજીક કાર્યકરો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

## હિંમતનગરમાં ઉમાશંકર રેલવે ઓવરબ્રીજ પાસે મારામારી થતા ૧૧ વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં શનિવારે મોડી સાંજે સ્વ. ઉમાશંકર રેલવે ઓવર બ્રીજ પાસે ભીલવાસમાંથી ૧૧ વ્યક્તિઓનું ટોળું આવીને એક વ્યક્તિને માર મારતા હિંમતનગર બી ડીવીઝન પોલીસમથકે ફરિયાદ નોંધાઈ છે.

# પાલનપુરમાં જિલ્લાકક્ષાની કરાટે ચેમ્પીયનશીપ સ્પર્ધા યોજાઈ

પાલનપુર, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે વિદ્યામંદિર સંકુલમાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી હરીભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં જિલ્લાકક્ષાની કરાટે ચેમ્પીયનશીપ સ્પર્ધા યોજાઈ હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે રમતગમત એ જીવન સાથે સંકળાયેલ અગત્યની બાબત છે. તેમણે કહ્યું કે વિવિધ રમતો અને યોગથી જીવનમાં સાહસ, સ્થિરતા, સરળતા અને નિર્ણયશક્તિ જેવા અગત્યના ગુણો કેળવાય છે. બાળકો અભ્યાસની સાથે રમતગમત જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લે તો તેનો આંતરીક વિકાસ સરસ થાય છે અને આત્મવિશ્વાસ સાથે તે ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે છે તેમ જણાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે આપણી દીકરીઓ ભણવામાં તથા ઉચ્ચ કારકિર્દી બનાવવામાં અગ્રેસર છે ત્યારે દરેક વાલીઓએ દીકરીઓને પણ ઉચ્ચ શિક્ષણ સુધી ભણાવવાની સાથે યોગા અને વિવિધ રમતોમાં પણ તે ભાગ લે તેવા પ્રયત્નો કરવા જોઈએ. મંત્રીશ્રી ચૌધરીએ કહ્યું કે દિકરા-દીકરીઓને કરાટે સારી રીતે શીખવીએ જેથી તેઓ તંદુરસ્ત અને પ્રસન્ન રહે તેમજ જરૂર પડ્યે પોતાનું સ્વરક્ષણ આસાનીથી કરી શકે. ઉપરાંત થોડા સમય પહેલા ગુજરાતના પનોતા પુત્ર અને આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર સમગ્ર દુનિયામાં સુખ-શાંતિ માટે સંયુક્ત રાષ્ટ્ર સમક્ષ ભારતની ભવ્ય યોગ પદ્ધતિનો સ્વીકાર કરવા સુચન કર્યું હતું. મંત્રીશ્રી ચૌધરીએ કહ્યું કે આપણા વડાપ્રધાનશ્રીની આ વાતનો દુનિયાના ૧૭૭ દેશોએ સ્વીકાર કર્યો તે આપણા માટે આનંદ અને ગૌરવની બાબત છે.



(તસવીર : હરેશ જોશી, પાલનપુર)

# ખેડબ્રહ્માની આશ્રમશાળાના મેદાનમાં માટીના ઢગલા

## ટ્રેક્ટર, જે.સી.બી. તથા મજૂરોના રહેઠાણથી કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓના અભ્યાસ ઉપર વિપરીત અસર

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્માની ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાના રમતગમતના મેદાનમાં માટીના વિશાળ ઢગલા, ટ્રેક્ટર, જે.સી.બી. તથા મજૂરોના આવાસને લઈ શાળાના કન્યા છાત્રાલયમાં રહેતી વિદ્યાર્થીઓના અભ્યાસ પર વિપરીત અસર થવા પામી છે અને રમત ગમતના મેદાનમાં દૂર ઉપયોગ થતો હોઈ રમતગમતની પ્રવૃત્તિઓ પણ બંધ થઈ જવા પામી છે. તેથી વિદ્યાર્થીનીઓના વાલીઓએ પ્રાંત અધિકારી સહીત સક્ષમ અધિકારીઓને લેખિતમાં રજુઆત કરી છે.

ખેડબ્રહ્મામાં સેવાનિકેતન ટ્રસ્ટ સંચાલિત ઉત્તર બુનિયાદી આશ્રમ શાળામાં ૫૦ આદિવાસી વિદ્યાર્થીનીઓ તથા ૪૫ વિદ્યાર્થી ધોરણ ૯ અને ૧૦માં અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીઓ શળાના છાત્રાલયમાં રહે છે. કન્યા છાત્રાલયની બાજુમાં રમતગમતનું મોટુ મેદાન છે.

આ મેદાનનો હાલમાં દૂરપયોગ થઈ રહ્યો છે તેથી વિદ્યાર્થીનીઓના વાલીઓએ પ્રાંત અધિકારી પ્રાયોજના અધિકારી તથા આદિજાતિ વિકાસ અધિકારીને મેદાન ખુલ્લુ કરવા લેખિતમાં રજૂઆત કરી છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## મહેસાણામાં હવે બ્રાહ્મણો પણ અનામતની માંગ સાથે સરકાર સામે

મહેસાણા, તા. ૧૭

અનામતની માગણી સંદર્ભે પાટીદાર સમાજ દ્વારા રાજ્યમાં ઠેર ઠેર રેલીઓ કાઢવામાં આવી રહી છે ત્યારે હવે બ્રાહ્મણોએ પણ અનામતના મુદ્દે સક્રિય થઈને સરકાર સમક્ષ અનામતની માંગણી કરવા માંડી છે.

આજે મહેસાણા શહેરમાં અનામતની માગણી અંગે સમસ્ત બ્રહ્મસમાજ મહેસાણા જિલ્લા તરફથી સમસ્ત બ્રહ્મસમાજની એક વિશાળ રેલી કાઢવામાં આવી હતી. શહેરના ગોવિંદ મહાદેવના મંદિરેથી નીકળેલી રેલી તોરણવાળી માતાના ચોક થઈને કલેક્ટર કચેરીએ પહોંચી હતી. જ્યાં બ્રહ્મસમાજના આગેવાનોએ જિલ્લા કલેક્ટરને એક આવેદનપત્ર પાઠવ્યું હતું. સમસ્ત બ્રહ્મસમાજને શિક્ષણ તેમજ સરકારી નોકરીઓમાં થતા અન્યાયના વિરોધમાં અનામતની માગણી સાથે આ રેલી કાઢવામાં આવી હતી. રેલી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસતંત્ર તરફથી પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

## મોયદમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ

પ્રાંતિજ, તા. ૧૭

પ્રાંતિજ તાલુકાના મોયદ ખાતે ૬૯મો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરી દ્વારા તાલુકા કક્ષાનું ધ્વજવંદન કર્યુ હતું.

પ્રાંતિજના મોયદ ખાતે તાલુકા કક્ષાનો ૬૯મો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયા, ભાજપ તાલુકા પ્રમુખ રમેશભાઈ, તાલુકા શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલા, ડૉ. ગૌતમ નાયક સહિતના અગ્રણીઓ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તિરંગાને સલામી આપી હતી. જ્યારે આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા.